સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા
આર્થિક રીતે.પછાત વર્ગોના સાંસ્કૃતિક વિકાસ માટે
<u>યુવક અને મહિલા મંડળોને નાણાંકીય સહાય.</u>

---

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક :બકર/૧૫૭૮/૭૭૦૪૩/છ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૭મી ડીસેમ્બર, ૧૯૭૮.

વંચાણમાં લીધા :- (૧) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧-૪-૭૮નો ઠરાવ ક્રમાંક :બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/છ.

(૨) સમાજ કલ્યાણ નિયામકશ્રીનો તા.૪-૯-૭૮નો પત્ર ક્રમાંક :સક/બક/૭૮-૩૦૫.

(૩) ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગાંધીનગરનો તા.૧૨-૧૦-૭૮નો પત્ર ક્રમાંક :પવબ/યોજન/૨૦/૨૨૨.

----

ઠ રા વ :-

બક્ષી પંચે સુચવેલ ૮૨ જ્ઞાતિઓ/વર્ગો/જુથોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તરીકે જાહેર કરવાનુ અને બક્ષીપંચે સુચવેલ વિવિધ લાભો/રાહતો તેમને આપવાનુ સરકારે નક્કી કર્યુ છે. બક્ષી પંચની ભલામણો પૈકીની, અનામત જગાઓ સિવાયની, બાકીની બધી ભલામણોનો લાભ કેટલાક આર્થિક રીતે પછાત વર્ગોને આપવાનું પણ સરકારે નક્કી કર્યુ છે.

૨. ઉપરોક્ત વર્ગોના યુવકો અને મહિલાઓમાં જાગૃતિ આવે અને તેઓના કલા, કૌશલ્ય, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિકાસ થાય તે હેતુથી યુવક અને મહિલા મંડળોને નાણાંકીય સહાય આપવા માટેની રૂ.૧૦,૦૦૦/- (રુપિયા દશ હજાર પુરા)ના ખર્ચની આ ઠરાવ સાથેના જોડાણમાં જણાવ્યા મુજબની યોજનાને આથી મંજુરી આપવામાં આવે છે.

૩. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેનો આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર "૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ-ચ, બીજા સામાજીક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ -(ક)- બીજા કાર્યક્રમો-( ૨)એસ.સી.ડબલ્યુ. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને આરોગ્ય, ગૃહનિર્માણ અને બીજી યોજનાઓ માટે નાણાંકીય સહાય" ખાતે ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો. આર્થિક રીતે પછાત વર્ગો માટેનો આ અંગેનો ખર્ચ નાણા વિભાગે તેની તા.૧૫-૧૨-૭૮ની યાદી ક્રમાંક:સી.એન.એફ/

178



૧૧૭/૮/૧૮૭ /ક, અન્વયે આકસ્મિક નિધિમાંથી મંજુર કરેલ રૂ.૧,૦૦,૦૦૦/-ની પેશગીમાંથી મેળવવાનો રહેશે. જરૂર જણાય તો આ અંગે કરેલી કુલ જોગવાઇમાંથી પુર્નવિનિયોગ દ્વારા મેળવવાનો રહેશે અને તેને અંદાજપત્રના સદર "૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ-ગ-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને બીજા પછાતવર્ગોનું કલ્યાણ'-(ખ) બીજા પછાતવર્ગોનું કલ્યાણ-એસ.સી.ડબલ્યુ. આર્થિક રીતે પછાતવર્ગોને આરોગ્ય, ગૃહનિર્માણ અને બીજી યોજનાઓ માટે નાણાંકીય સહાય " ખાતે ઉધારવો.

૪. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા.૪-૧૨-૭૮ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.ડી.ઠાકર
ઉપસચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિ.

પ્રતિ,

X રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશશ્રીઓ,
નાણાં વિભાગ, ક-શાખા,
સચિવાલયના બધા વિભાગો,
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
X વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ૮, મીલ અધિકારીઓની કોલોની, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, સેકટર-૧૬, પાટનગર યોજના ભવન, ગાંધીનગર (વધારાની ૫ નકલો સાથે)
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ (વધારાની ૧૫ નકલો સાથે)
બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (રાજય અને પંચાયત)
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
પ્રાયોજના વહીવટદાર (આદીવાસી વિસ્તાર પેટા યોજનાઓના તાબા હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
નાણાં શાખા, મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
બ-શાખા, મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની અન્ય શાખાઓ,
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર આ અંગે અખબારી યાદી બહાર પાડવા અને બહોળી પ્રસિદ્ધિ કરવા અર્થે.
<u>વિશિષ્ટ ફાઇલ-હ-શાખા.</u>
X પત્ર દ્વારા.

મંજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૭-૧૨-૭૮ના ઠરાવ ક્રમાંક:બકર/૧૫૭૮/૭૬૦૪૩/છ, સાથેનું જોડાણ.

---

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગો માટે સાંસ્કૃતિક વિકાસ માટેની યુવક અને મહિલા મંડળોને નાણાંકીય સહાય અંગેની યોજના.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

યોજનાનો હેતુ :-

આ યોજનાનો મુખ્ય હેતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગોના યુવકો અને મહિલાઓનો રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે વિકાસ સાધવા તેમજ અન્ય યુવકો અને મહિલાઓ સાથે હળીમળી શકે તથા ભાતૃભાવ કેળવી શકે તે જોવાનો છે.

સહાયને પાત્ર મંડળો :-

જે મંડળો પબ્લીક ચેરીટી ટ્રસ્ટ હેઠળ અગર સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ હેઠળ નોંધાયા હશે અને નાત-જાતના ભેદ વિનાના હશે તે મંડળોમાં ૫૦ ટકા સભ્યો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગો હશે તેમને આ યોજનાનો લાભ મળવા પાત્ર થશે.

નાણાંકીય સહાયની વિગત :-

ઉપર જણાવેલા યુવક અગર મહિલા મંડળોમાં જો પ્રવેશ ફી અગર માસિક ફી મંડળના સભ્યો પાસેથી લેવાની હશે તો આ વર્ગોના લોકોના સભ્યદીઠ વાર્ષિક રૂ.૧૦/- સુધી ફી એ રીતે મંડળ દીઠ વધુમાં વધુ રૂ.૧૦૦/- સુધીની સહાય ફી અગર તો સાધનો ખરીદવા માટે આપવામાં આવશે. એક ગામમાં એક કરતાં વધુ યુવક કે મહિલા મંડળને સહાય આપવામાં આવશે નહિ. એટલે કે એક ગામમાં એક યુવક મંડળ અને એક મહિલા મંડળને સહાય આપવામાં આવશે.

યોજના મુજબની સહાય મેળવવા માટેની વિધિ :

આ યોજનાનો લાભ મેળવવા માટે જે તે મંડળે તેનો રજીસ્ટ્રેશન નંબર, મંડળની પ્રવૃત્તિઓની વિગતો, સભ્ય સંખ્યા અને બંધારણની નકલ સાથે અરજી કરવાની રહેશે. જે સભ્યોને પ્રવેશ આપવાનો હોય તેમના નામો, ઉંમર, ફીની વિગતો તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તથા આર્થિક રીતે પછાતવર્ગોના સભ્યોના પ્રમાણપત્રો સાથેની વિગતો અરજીમાં દર્શાવવાની રહેશે. આ અરજી સમાજ કલ્યાણ અધિકારી (રાજ્ય)ને કરવાની રહેશે. તેઓ યોગ્ય ચકાસણી કર્યા બાદ નાણાંકીય મર્યાદામાં રહીને સહાયની રકમ મંજુર કરશે. આ સહાય કાયમી ધોરણે આપવામાં આવશે નહીં.

અંદાજ :-

૧૯૭૮-૭૯ના નાણાકીય વર્ષ માટે આ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના ૫૦૦ અને આર્થિક રીતે પછાતવર્ગોના ૫૦૦ એમ કુલ ૧૦૦૦ સભ્યો માટે ૧૦૦ મંડળોને સહાય આપવાનો અંદાજ છે. બંને વર્ગ માટે રૂ.૫૦૦૦/- એટલે કુલ રૂ.૧૦,૦૦૦/-નો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.